# "દર્દીઓને ભોજન, દર્દીઓના સગા તથા સ્ટાફ માટે કેન્ટીન" અને "રેનબસેરા" કોન્ટ્રાકટથી આપવા માટેનું ટેન્ડર ફોર્મ

## (ટેન્ડરરે ભાવપત્રક ભરીને બંધ કવરમાં અત્રે પરત મોકલવું )

કોન્ટ્રાકટરનું નામઃ
પુરૂં સરનામું :

ફોન :
મો :
તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

મહોદય,

ટેન્ડર ફોર્મની તમામ શરતો મેં ધ્યાન પૂર્વક વાંચી છે અને બરાબર રીતે સમજયો છું, અને તે શરતો અમોને કબુલ મંજુર છે.

"દર્દીને ભોજન અને કેન્ટીન" ના સંદર્ભમાં નિભાવ ખર્ચના મહત્તમ ઓફર ભાવ અને વાનગીઓના અમારા લઘુત્તમ ભાવો નીચે મુજબ છે. આ ભાવોમાં એક વર્ષ (ટેન્ડરના સમય ગાળા) સુધી કોઈ ફેરફાર કરીશું નહીં અને અમો ટેન્ડરમાં સંસ્થાએ નક્કી કરેલ શરતો પાળવા બાંહેધરી આપીએ છીએ.

૧. સંચાલક/ કોન્ટ્રાકટરનું નામ : ....................... ......................
અને સરનામું.......................................................................
....................... ....................................
ફોન(ઘર).......................(ઓફીસ).........................
ઉંમર : .................... શૈક્ષણિક લાયકાતઃ .................
૨. સંસ્થાનું નામ અને............................................ .......................
પોસ્ટલ સરનામું : ................. ............................
................. ..................... ...............
ફોન : .................. .....(મોબાઈલ)..................
૩. સંસ્થાનો આ કામનો અનુભવ :..................................... વર્ષનો છે.
૪. વ્યકિતગત/ભાગીદારી/સંસ્થા : ................ ........................
૫. આ કામ માટે વધુમાં વધુ કામે રાખવાના કામદારોની સંખ્યા. .............
૬. સંસ્થા : શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી ક્રમાંકઃ .......
૭. ઈન્કમટેક્ષનો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર :(અ) સંસ્થાનો................
(બ) સંચાલક/કોન્ટ્રાકટરનો..............

૮. સંસ્થાનો પ્રોવિડન્ટ ફંડ નોંધણી નંબર..................................

૯. **સંસ્થાનો** ઈ.એસ.આઈ.એસ.નોંધણી નંબરઃ......................................

૧૦. સંસ્થાનો વ્યવસાય વેરા નંબર : .................. .................. ........

**૧૧.** કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ......................................

૧૨. હોસ્પિટલમાં કામ કર્યાનો કુલ અનુભવ .................. ..................

૧૩. અગાઉ કામ કરેલ હોય તેની અને હાલ કોન્ટ્રાકટ ચાલુ હોય તેની સંપૂર્ણ વિગતો આપવી (જરૂર પડે અલગ કાગળમાં વિગતો આપવી.)

**(અ)**

| **ક્રમ** | **સંસ્થાનું નામ અને સરનામું** | **ટેલીફોન** | **સમયથી** |
|---|---|---|---|
| **૧.** | | | |
| **૨.** | | | |
| **૩.** | | | |
| **૪.** | | | |
| ૫. | | | |

બિડાણ : ઉપર્યુકત દસ્તાવેજોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો.

**(૧૪) કેન્ટીનના નિભાવ ખર્ચ પેટે ઓફર ભાવ રૂા. ......................**

**(અંકે રૂપિયા..........................................................)**

**(૧૫) દર્દીને ભોજન ચા-નાસ્તો વિગેરે પુરૂં પાડવાના ઓફર ભાવ નીચે મુજબ છે.**

| **દૂધ પર નભતા દર્દી (એમ.ડી. દર્દી)** | | **પૂર્ણ ભોજન લેતાં દર્દી (એફ.ડી. દર્દી)** | |
|---|---|---|---|
| | ભાવ રૂા. | | ભાવ રૂા. |
| ચા-સવારે (૧૦૦ મિ.લિ.) | | ચા-સવારે (૧૦૦ મિ.લિ.) | |
| દૂધ બે થેલી (સવારે) * | | દૂધ એક થેલી * | |
| બપોરની ચા અને બ્રેડ બટર | | નાસ્તો - દૂધ સાથે | |
| દૂધ બે થેલી (સાંજે) * | | જમવાનું – બપોરનું | |
| સૂપ – સાંજે | | ચા – બપોરે | |
| | | દૂધ સાંજે એક થેલી * | |
| | | જમવાનું સાંજે | |
| (પેશ્યુરાઈઝડ ૨૦૦ મિ.લિ.) | | (પેશ્યુરાઈઝડ ૨૦૦ મિ.લિ.) | |
| કુલ રૂપિયા | | કુલ રૂપિયા | |
| અંકે રૂા. | | અંકે રૂા. | |

## ૧૬. “ દર્દીઓને ભોજન, દર્દીઓના સગા માટે કેન્ટીન તથા સ્ટાફ કેન્ટીન” માટેના ભાવો

| ક્રમ | વાનગીનું નામ | નંગ | આશરે માપ | ઓફર ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ચા-આખી | | ૧૨૦ | |
| ૨ | ચા- અડધી | | ૮૦ | |
| ૩ | કોફી | | ૧૨૦ | |
| ૪ | ઉકાળો (દૂધ) | | ૧૨૦ | |
| ૫ | પંજાબી સમોસા | ૨ | ૧૫૦ | |
| ૬ | ગોટા મેથીના | | ૧૦૦ | |
| ૭ | બટાકાવડા | ૪ | ૧૦૦ | |
| ૮ | કચોરી દાળ | ૨ | ૧૫૦ | |
| ૯ | કચોરી પ્યાજ | ૨ | ૧૫૦ | |
| ૧૦ | ખમણ | | ૧૦૦ | |
| ૧૧ | ફુલવડી | | ૧૦૦ | |
| ૧૨ | ગાંઠીયા-પાપડી | | ૧૦૦ | |
| ૧૩ | ફાફડા | | ૧૦૦ | |
| ૧૪ | ચોળાફળી | | ૧૦૦ | |
| ૧૫ | બ્રેડ પકોડા | ૨ | ૧૦૦ | |
| ૧૬ | વડા પાઉં | ૧ | ૧૦૦ | |
| ૧૭ | દાબેલી | ૨ | ૧૦૦ | |
| ૧૮ | દાળવડા | | ૧૦૦ | |
| ૧૯ | પેપર ઢોંસા અને સંભાર | ૧ | | |
| ૨૦ | મસાલા ઢોંસા | ૧ | | |
| ૨૧ | ઈડલી સંભાર | ૨ | | |
| ૨૨ | સેવઉસળ | | ૧૦૦ | |
| ૨૩ | બ્રેડ બટર (અમુલ) | ૨ | ડીશ | |
| ૨૪ | ભાજી પાઉં | ૨ | ડીશ | |
| ૨૫ | પાઉં એકસ્ટ્રા | ૧ | | |
| ૨૬ | બટાકા પૌંઆ | ડીશ | ૧૦૦ | |
| ૨૭ | પુરી શાક | ૪ પુરી ડીશ | | |
| ૨૮ | ફીકસ થાળી (બપોરે) (છ રોટલી દાળ, ભાત , શાક, કઠોળ, કચુંબર) | થાળી | | |
| ૨૯ | ફીક્ષ થાળી (રાત્રે) (ભાખરી-પાંચ, શાક, ખીચડી, કઢી, કચુંબર | થાળી | | |
| ૩૦ | જલેબી | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૧ | ઉપમા | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૨ | દહીંવડા | ૧ ડીશ | ૧૫૦ | |

| ક્રમ | વાનગીનું નામ | નંગ | આશરે માપ | ઓફર ભાવ |
|---|---|---|---|---|
| ૩૩ | બફવડા | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૪ | ફરાળી ચેવડો | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૫ | બિસ્કીટ | | | |
| ૩૬ | ગુલાબજાંબુ | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૭ | બરફી-માવાની | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૮ | દહીં | ૧ ડીશ | ૧૦૦ | |
| ૩૯ | સંભાર એકસ્ટ્રા | ૧ | ૧૦૦ | |
| ૪૦ | ઠંડા પીણા ઠંડી | ૧ | | |
| ૪૧ | મિલ્દા ઠંડી | ૧ | | |
| ૪૨ | સાદી સોડા ઠંડી | ૧ | | |
| ૪૩ | લસ્સી ઠંડી | ૧ | ૨૦૦ | |
| ૪૪ | ટોસ્ટ | ૨ નંગ | | |
| ૪૫ | | | | |
| ૪૬ | | | | |
| ૪૭ | | | | |

આ યાદી સિવાયની જો કોઈ વાનગી આપ આપવા ઈચ્છતા હોય તો તે પણ લખવા.

૧૫. કોન્ટ્રાકટરે દર્દીને ચા-નાસ્તો-ભોજન તૈયાર કરી પુરૂં પાડવા માટે સીધું-સામાન એગ્માર્ક / એફ.પી.ઓ ધરાવતા કંપનીની બ્રાન્ડેડ વસ્તુ જ વાપરવી.

૧) દુધ :પેશ્ચ્યુરાઈઝડ હોવું જરૂરી છે.

૨) ખાદ્ય તેલ : સોયાબીન તેલ, સીંગતેલ, કપાસીયાનું તેલ,

૩) ખીચડીમાં અને રોટલી પર ચોપડવા શુધ્ધ ઘી અથવા વનસ્પિતિ ઘી વાપરવું

૪) માખણ/બટર : અમુલ/બ્રિટાનીયા નું બ્રાન્ડેડ

૫) બ્રેડ : સુપર બ્રેડ/કૈલોરી/મોર્ડન/ઈટાલીયન જ બ્રાન્ડેડ

૬) ભાત/ખિચડીમાં પરિમલ કે ગુજરાત સત્તર ચોખા વાપરવા.

૭) કોફી : નેસ કોફી /નેસ્લે/સનરાઈઝ/કલાસીક બ્રાન્ડેડ

૮) મીઠું : આયોડાઈઝડ.

૯) ચા : બ્રુક બ્રોન્ડ/ટાટા/વાઘ બકરી બ્રાન્ડની જ વાપરવી.

તુવેર દાળ, ચોખા, ગરમ મસાલા, મેંદો, માખણ, બ્રેડ, તેલ ઘી વિગેરે એગમાર્ક / એફ.પી.ઓ. ધરાવતાં તેમજ સારી કંપનીની બ્રાન્ડેડ વસ્તુ વાપરવાની રહેશે.

- **અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે રૂા.૨૫૦૦૦/- નો ડી.ડી. નં. ---------------- તાઃ બેંક ---------------------------------------------------------------------- નો બીડેલ છે.**
- **ટેન્ડર ફોર્મ સાથે ઉપર્યુકત દસ્તાવેજોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવી.**
- **કોઈપણ જગ્યાએ ઓવર રાઈટીંગ, ચેક-ચાક કે વ્હાઈટ ઈન્કનો ઉપયોગ કરેલ હોય ત્યાં ટેન્ડરરે સહી કરવી.**
- **ટેન્ડર ત્રણે જુદા જુદા કવરમાં રજુ કરવું. તેના ઉપર ટેન્ડરનું નામ લખવું. (૧) પ્રાઈસ બીડનું કવર (૨) ટેકનીકલ બીડનું કવર (૩) ઈ.એમ.ડી. નું કવર.**

**કોન્ટ્રાકટરની સહી**

**કોન્ટ્રાકટરનું નામ :**

**સિકકો**

**ભાવ અંગેની અગત્યની સૂચના :**

- કોઈપણ બાબતે ૨૦ % ભાવ વધારો થાય તો જ સંસ્થા ભાવોની પુર્નવિચારણા હાથ ધરશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.
- દૂધનાં ભાવો - ભાવ વધારો અને વહીવટી ખર્ચની ગણતરી કરી ને જ ભરવા. કોઈપણ સંજોગોમાં ભાવો કોન્ટ્રાકટનાંસમય દરમ્યાન રિવાઈઝ કરી આપવામાં આવશે નહીં. ભાવ વધારો ૨૦ % થી વધે તો જ સંસ્થા ભાવ રીવીઝન અંગેની પુર્નવિચારણા હાથ ધરશે.
- કોઈપણ સંજોગોમાં સંસ્થા ભાવ વધારો આપવાનું નક્કી કરે તો તે ભાવ વધારો કયારથી અને કેટલો આપવો તે નક્કી કરવાની અબાધિત સત્તા નિયામકશ્રીની રહેશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.

## "દર્દીઓને ભોજન, દર્દીઓના સગા તથા સ્ટાફ માટે કેન્ટીન" અને "રેનબસેરા" કોન્ટ્રાકટથી આપવા માટેનું ટેન્ડર ફોર્મ

(ટેન્ડરરે **ટેકનીકલ બિડ** ભરીને બંધ અલગ કવરમાં અત્રે પરત મોકલવું )

કોન્ટ્રાકટરનું નામઃ
પુરૂં સરનામું :

ફોન નંઃ
મો.નંઃ
તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

મહોદય,

દર્દીઓને ભોજન, દર્દીઓના સગા તથા સ્ટાફ માટે કેન્ટીન અને "રેનબસેરા" કોન્ટ્રાકટનાં કામનાં ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો અને લાયકાતો મેં વાંચી છે અને તે સાથે હું સહમત છું. આ કામનાં કોન્ટ્રાકટર તરીકેની હું લાયકાતો ધરાવું છું અને તેના સમર્થનમાં હું મારા નીચે મુજબના લાયસન્સ, પરવાના અને પ્રમાણપત્રો રજુ કરૂ છું. આ સાથે હું ભાવપત્રક અલગ સીલબંધ કવરમાં રજુ કરૂં છું.

૧. આ કામ માટે વધુમાં વધુ કામે રાખવાના કામદારોની સંખ્યા ............
૨. સંસ્થા : શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી નં : .................
૩. ઈન્કમટેક્ષ નંબર : .................. .................. ..............
૪. વ્યવસાય વેરા નંબર : .................. .................. ........
૫. સંસ્થાનો પ્રોવીડન્ટ ફંડ નંબરઃ ........................................
૬. સંસ્થાનો ઈ.એસ.આઈ.એસ. નંબર : ................................
૭. કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ..................................
૮. સંચાલકને સદર કામનો અનુભવ ..................................
૯. સંસ્થાને સદર કામનો કુલ અનુભવ .................. ..................

૧૦. હોસ્પિટલમાં કામ કર્યાનો અનુભવ .................. ..................

**૧૧.** હાલમાં નીચે પ્રમાણેના કોન્ટ્રાકટ ચાલી રહેલા છે.

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું | ટેલીફોન | સમયથી |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

➢ **નોંધ : (૧) ઉપર્યુકત બધા જ દસ્તાવેજોની પ્રમાણીત ઝેરોક્ષ નકલો બીડવી ફરીજયાત છે અન્યથા પ્રમાણપત્રોના અભાવે ટેન્ડર રદ કરવામાં આવશે.**

**(૨) પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. માંગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતાં હશે તેઓનાં જ પ્રાઈસબીડનાં કવર ખોલવામાં આવશે.**

**કોન્ટ્રાકટરની સહી**

**કોન્ટ્રાકટરનું નામ**

**સિક્કો**

**ભાવ અંગેની અગત્યની સૂચના :**

- કોઈપણ બાબતે ૨૦ % ભાવ વધારો થાય તો જ સંસ્થા ભાવોની પુર્નવિચારણા હાથ ધરશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.
- દૂધનાં ભાવો - ભાવ વધારો અને વહીવટી ખર્ચની ગણતરી કરી ને જ ભરવા. કોઈપણ સંજોગોમાં ભાવો કોન્ટ્રાકટનાંસમય દરમ્યાન રિવાઈઝ કરી આપવામાં આવશે નહીં. ભાવ વધારો ૨૦% થી વધે તો જ સંસ્થા ભાવ રીવીઝન અંગેની પુર્નવિચારણા હાથ ધરશે.
- કોઈપણ સંજોગોમાં સંસ્થા ભાવ વધારો આપવાનું નક્કી કરે તો તે ભાવ વધારો કયારથી અને કેટલો આપવો તે નક્કી કરવાની અબાધિત સત્તા નિયામકશ્રીની રહેશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.

# ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ

## (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ)

**સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬.**

ફોન નં.૨૨૬૮૧૪૫૧, ફેકસ-૨૨૬૮૫૪૯૦

**“દર્દીઓને ભોજન, દર્દીઓના સગા તથા સ્ટાફ માટે કેન્ટીન” અને “રેનબસેરા” કોન્ટ્રાકટથી ચલાવવા માટેના ટેન્ડરની શરતો**

**: (ટેન્ડરરે સહી-સિક્કા કરીને ટેન્ડર સાથે પરત કરવાનું રહેશે)**

ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ માં દર્દીઓનો ભોજન પૂરૂં પાડવા, દર્દીના સગા “અન્નપૂર્ણા ભોજનાલય” “જી.સી.આર.આઈ.સ્ટાફ કેન્ટીન” અને “રેનબસેરા” ચલાવવા માટેનો કોન્ટ્રાકટ નીચેની શરતોને આધિન આપવા ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડરની શરતો અને પુરી પાડવાની સેવાઓ, ધ્યાનપૂર્વક વાંચી, સમજી નિયામકશ્રી ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટને મળે તે રીતે પોતાના ઓફર ભાવ ભરી માંગ્યા મુજબનાં પ્રમાણપત્રો સાથે બંધ કવરમાં નિયત સમયમાં મોકલી આપવા ટેન્ડર રજી.એ.ડી. પોસ્ટ મારફતે મોકલવું અથવા નિયત બોક્ષમાં નાંખવું.

**(અ) <u>ટેન્ડરનો હેતુ :</u>** હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દી તથા દર્દીઓના સગા-સંબંધીઓ, વીઝીટરો, કર્મચારીઓ....વિગેરેને શુધ્ધ, તાજુ, ભોજન, ચા-નાસ્તો વિગેરે વ્યાજબી ભાવે પૂરો પાડવો તથા રેન બેસેરા ચલાવવું.

**(બ) <u>કેન્ટીનનું સ્થળ:</u>** ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટના કંપાઉન્ડમાં આવેલ મીનીમલ કેર યુનિટના ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફલોર પર ફાળવેલ જગ્યા

**<u>કેન્ટીન કોન્ટ્રાકટર માટેની જરૂરી લાયકાતો</u> :**

**૧. કોન્ટ્રાકટર આ પ્રકારની હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થામાં કેટરીંગ કામનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.**

**૨. કોન્ટ્રાકટરે છેલ્લાં ત્રણ વર્ષમાં બે નામાંકિત સંસ્થાઓનું કેટરીંગ કામ સફળતાપૂર્વક ચલાવેલ હોવું જોઈએ.**

**૩. કોન્ટ્રાકટર પાસે લઘુત્તમ ૨૫ વ્યકિતઓનો સ્ટાફ હોવો જોઈએ.**

**૪. કોન્ટ્રાકટર પાસે આ કામ કરવાના કાયદા મુજબના તમામ લાયસન્સ પરવાના હોવા જોઈએ.**

**૫. કોન્ટ્રાકટરનું છેલ્લાં વાર્ષિક બે વર્ષનું લઘુત્તમ ટર્ન ઓવર રૂા.૫૦, લાખથી ઓછુ હોવું જોઈએ નહી.**

**૬. કોન્ટ્રાકટરે યોગ્યતા ધરાવતાં ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ થયેલા સરવૈયાની બે વર્ષની સર્ટીફાઈડ નકલો આપવાની રહેશે.**

**૭. કોન્ટ્રાકટરે પાર્ટનરશીપ ડીડ અથવા પ્રોપરાઈટરશીપ ડીડ અથવા મેમોરેન્ડમ / આર્ટીકલ ઓફ એસોસીએશન વિગેરેમાંથી તેઓને લાગુ પડતાં દસ્તાવેજો રજુ કરવાના રહેશે.**

**૮. કોન્ટ્રાકટર પાસે સર્વિસ ટેક્ષ, સેલટેક્ષ, વેટ ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, ઈન્કમટેક્ષ નંબર હોવા જરૂરી છે અને તેના પુરાવા ટેન્ડર સાથે રજુ કરવાના રહેશે.**

**૯. અરજદાર છેલ્લાં ત્રણ વર્ષમાં નફો કરતી સંસ્થા હોવી જોઈએ.**

**ઉપરોકત આવશ્યક લાયકાતોની પૂર્તતાના અભાવે ટેન્ડર રદ થવાને પાત્ર ઠરશે.**

**ટેન્ડર ભરવા માટેની અગત્યની સૂચના :**

**૧. ટેન્ડરરે પોતાનું ટેન્ડર બે જુદા ભાગમાં ત્રણ સીલબંધ કવરમાં નિયત મર્યાદામાં નીચે મુજબ મોકલવું. (૧) ટેકનીકલ બીડ, (૨) પ્રાઈસ બીડ, (૩) ઈ.એમ.ડી. ટેન્ડરરે ત્રણેય કવર ઉપર સ્પષ્ટ રીતે એદરના બીડની વિગત લખવી.**

**૨. પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. માંગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતાં હશે તેઓનાં જ પ્રાઈસબીડનાં કવર ખોલવામાં આવશે.**

**(ક) કામની જરૂરીયાત :**

૧. દર્દીને સારવારના પ્રકાર પ્રમાણે અને ડોકટર અને ડાયટીશીયનની સલાહ મુજબની માંગ્યા મુજબની ખોરાક પૂરાં પાડવાનો રહેશે. આ કામમાં સવાર-બપોર-રાત્રિનું ભોજન ચા-નાસ્તો વિગેર સમયસર દર્દીની પથારીએ પહોંચાડવાની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે.

૨. આ કામ માટેનો જરૂરી તમામ કાચો માલ-સામાન, રસોઈના વાસણો, ગેસ, ચૂલા, ફર્નિચર, પ્રાયમસ, કેરોસીન, કોલસા, ગેસના બાટલા, બળતણ.... વિગેરે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લાવવાના રહેશે.

૩. દર્દીને પીરસવામાં આવતાં તમામ ખાદ્ય-પદાર્થ રૂચિકર પોષણયુકત હોવા જરૂરી છે. તીખાશ અને તેલ માપસરનું રાખવું.

૪. દર્દીઓ માટે **<u>તૈયાર કરવામાં આવેલ ભોજનની તમામ વાનગીઓ સહીતની એક થાળી મેટ્રન વર્ગ-૧ / સુપર સીસ્ટર ની સમક્ષ ચખાડવા માટે મુકવી.</u>** તેઓ બનાવેલું ભોજન પ્રમાણિત કરે પછી જ દર્દીઓને વહેંચવું. મેટ્રન કે સીસ્ટર જે વાનગી નામંજુર કરે, તેના બદલે બીજી નવી વાનગી તુરત જ બનાવી આપવાની રહેશે.

૫. શાકભાજી તાજા સ્વચ્છ ધોઈને વાપરવા. તેમજ સર્વે અનાજ-મરી મસાલા બ્રાન્ડેડ વાપરવા.

૬. એમ.ડી./એફ.ડી. દર્દીઓની યાદી એક દિવસ અગાઉ મેટ્રન-વર્ગ-૧ ની કચેરીમાંથી કોન્ટ્રાકટરે દરરોજ મેળવી તે પ્રમાણે રસોઈનું આયોજન કરવાનું રહેશે.

૭. સોમવાર : મગ, રસાવાળા શાકભાજી, ભાત, રોટલી.

મંગળવાર : તુવેરદાળ, શાકભાજી, ભાત, રોટલી.

બુધવાર : મગ, શાકભાજી, ભાત, રોટલી.

ગુરૂવાર : તુવેરદાળ/ચોળા રસાવાળા, શાકભાજી, ભાત, રોટલી.

શુક્રવાર : તુવેરદાળ, શાકભાજી, ભાત, રોટલી.

શનિવાર : મગ, દાળ, શાકભાજી, ભાત, રોટલી.

રવિવાર : મીક્ષદાળ, શાકભાજી, ભાત, રોટલી.

૮. રોજ સવારે ૬-૩૦ થી ૭-૦૦ વાગે ચા (૧૦૦ મિ.લિ.) આપવાની રહેશે.

૯. રોજ સવારે ૮-૩૦ થી ૯-૩૦ વાગે દૂધ સાથે રોજ જુદો જુદો નાસ્તો (૧૫૦ ગ્રામ જેટલો) ૭ દિવસમાં (૧) બ્રેડ બટર (૨) બટાકા પૌઆ (૩) બ્રેડ બટર (૪) ઉપમા (૫) બ્રેડ બટર (૬) બટાકા પૌઆ (૭) ઉપમા.

૧૦. બપોરનું ભોજન ૧૧-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાનમાં બધા વિભાગોમાં આપવાનું રહેશે.

૧૧. બપોરની ચા ૩-૦૦ થી ૩-૩૦ વાગ્યા દરમ્યાન આપવાની રહેશે.

૧૨. સાંજનું ભોજન – ખીચડી(ગરમ), શાક (રસાવાળું), ભાખરી/રોટલી/સીઝન મુજબ દુધીના ઢેબરા કે મેથીના ઢેબરા/બાજરીના રોટલા (શિયાળામાં) વિગેરે સાંજે ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન આપવાના રહેશે.

૧૩. રોજ સવારે મગનું પાણી (જે દર્દીઓ ખાઈ-ચાવી શકતા નથી તેમના માટે) જરૂરીયાત મુજબ આપવાનું રહેશે.

૧૪. રોજ સવારે જમવામાં મોગરમગની દાળની ઢીલી (નરમ)ખીચડી (જે દર્દીઓ ચાવી શકતા નથી તેમના માટે) જરૂરીયાત મુજબ પૂરી પાડવી.

૧૫. રોજ સાંજે જમવાના સમયે સુપ એમ.ડી. દર્દીને ઉપરાંત અન્ય દર્દીઓને જેમને જોઈતું હોય તેમને આપવું, મીક્ષ શાકભાજીનું પૌષ્ટિક સુપ (જેઓ ચાવી શકતાં નથી તેમને પણ આપવું)

૧૬. શાક રોજ જુદા-જુદા સીઝન મુજબના, સવારે અને સાંજે જુદા-જુદા હોવા જરૂરી છે. તેમાં માપસરના રસાવાળા બનાવવા અને સીઝન પ્રમાણેની ભાજીઓ અઠવાડિયામાં બે વાર બનાવવી.

**૧૭.** કેન્ટીનમાં રોજે-રોજ સર્વે ખાદ્ય સામગ્રી તાજી બનાવીને, સ્વચ્છ, શુધ્ધ, પોષણ યુકત બનાવવી.

૧૮. **ભોજનાલય અને કેન્ટીનનાં કામનો સમય વહેલી સવારના ૫-૦૦ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો રહેશે.**

૧૯. દરેક વાનગીઓના નક્કી કરેલ ભાવ સૌને વંચાય તેવી રીતે બોર્ડમાં લખવા.

૨૦. ટેન્ડરમાં મંજુર કરેલ કોન્ટ્રાકટના સમય દરમ્યાન ભાવ બદલી શકાશે નહીં.

(ડ) **કેન્ટીનની જાળવાણી :**

૧. કોન્ટ્રાકટરે રસોડાની તમામ જગ્યા-વિસ્તાર રોજે-રોજ ધોઈને સ્વચ્છ, માખી- મચ્છર રહિત ચોખ્ખી રાખવી.

૨. તમામ ફર્નિચર રસોઈ બનાવવાના પીરસવાના વાસણો, સાધનો, સ્વચ્છ-ચોખ્ખા રાખવા, ગંદકી રાખવી નહીં.

૩. આ કામ માટે સંસ્થાએ પુરી પાડેલ પ્રીમાઈસીસનું મેઈન્ટેનન્સ અને રંગરોગાન કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરાવવાનું રહેશે.

**૪.** **સ્ટાફ કેન્ટીન ચલાવવા માટે સંસ્થા ફર્નિચર પુરું પાડશે** અને દર્દીના સગા માટેની કેન્ટીન માટેનું જરૂરી ફર્નિચર કોન્ટ્રાકટરે સ્વખર્ચે લાવવાનું રહેશે.

**૫.** **સ્ટાફ કેન્ટીનમાં સ્ટાફ સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપી શકાશે નહીં. આ શરતનો ભંગ કરે સંસ્થા કોન્ટ્રાકટ રદ કરી શકશે.**

૬. રસોઈ બનાવવા માટેના વાપરવાના સઘળા વાસણો સ્ટીલના અથવા પિત્તળના કલાઈ વાળા, વાપરવા. એલ્યુમીનીયમના વાસણો વાપરવા નહીં.

૭. આ કામમાંથી ઉદભવતો કચરો ગમે ત્યાં નાંખવાનો નહીં, ગંદકી કરવી નહીં. સંસ્થાની સૂચના મુજબ કચરો, એંઠવાડ ભેગો કરી તેનો રોજેરોજ નિકાલ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરવાનો રહેશે.

૮. કોન્ટ્રાકટ પૂરો થયે સંસ્થાનો સામાન પરત કરવાનો રહેશે.

૯. કોઈપણ જાતના આંતરીક સુધારા-વધારા કડીયાકામ, સુથારી કામ લેખીતમાં કેન્સર હોસ્પિટલની પૂર્વ પરવાનગી વિના કરી શકાશે નહીં.

૧૦. કેન્સર હોસ્પિટલ તરફથી પાણીનું જોડાણ આપેલું છે. આંતરીક જરૂરીયાત મુજબ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે નળ પાઈપ નંખાઈ લેવા, પ્લમ્બીંગ કામો, મરામત, જાળવણી વિગેરે કોન્ટ્રાકટરે સ્વ ખર્ચે કરવાના છે. <u>સંજોગ વસાત પાણી ન આવે તો કોન્ટ્રાકટરે પોતાની જરૂરીયાત અનુસાર પોતાના ખર્ચે પાણીની વ્યવસ્થા કરવી.</u>

૧૧. કેન્ટીનમાં ઠંડું પાણી મળી રહે તેવી વ્યવસ્થા પુરી પાડવાની રહેશે. આ કામ માટેના કુલર, ફ્રીજ વિગેરેનું મેન્ટેનન્સ કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરાવવાનું રહેશે.

૧૨. કેન્સર હોસ્પિટલ સદર " ભોજનાલય અને કેન્ટીન" ચલાવવા માટે જગ્યા, તેમજ પાણીનું જોડાણ આપે છે. કોન્ટ્રાકટરે નિભાવ ખર્ચ પેટે દર માસના લઘુત્તમ રૂા.૬૧,000/- થી વધુમાં વધુ કેટલો ભાવ આપવા ઈચ્છો છો તે ચોકકસ રકમની તમારી ઓફર આપવી. નિભાવ ખર્ચના એડવાન્સ ચેક કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ શરૂ કરતાં પહેલાં કેન્સર હોસ્પિટલના હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

૧૩. કોન્ટ્રાકટરે કેન્ટીનમાં ચા-નાસ્તો, ભોજન લેનાર પાસેથી તેની કિંમત જાતે વસુલ કરવાની રહેશે.

૧૪. સદર ટેન્ડર એક માત્ર " કેન્ટીન" અને ''રેન બસેરા'' ચલાવવા માટે જ આપવાનો છે. તે સિવાયની કોઈપણ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસાય સદર સ્થળેથી કરી શકાશે નહીં.

**૧૫. કોન્ટ્રાકટરે સદર કામનું લાઈટનું બિલ (મીટર પ્રમાણે) પોતે ભરવાનું રહેશે અથવા સંસ્થાના હિસાબી શાખામાં જમા કરાવવાનું રહેશે.**

૧૬. કેટરરને ગેસના બાટલા મળી રહે તેની સવલત આપવામાં આવશે, પરંતુ ગેસના બાટલા ભરાવવાની વ્યવસ્થા તેમજ આ અંગેનો ખર્ચ કેટરરે ભોગવવાનો રહેશે.

૧૭. ગુજરાત કેન્સર સોસાયટી સંચાલીત ''રેન બસેરા'' સંસ્થાની સૂચના મુજબ ચલાવવાનું રહેશે.

૧૮. કેટરર દ્વારા તૈયાર થયેલ વાનગીઓ ઉંચી ગુણવત્તાવાળી, સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોવી જોઈએ. સંસ્થાનના અધિકારીઓ પ્રસંગોપાત તેની ગુણવત્તા ચકાસણી, ટેસ્ટ કરી શકશે. ઉતરતી ગુણવત્તાવાળી વાનગી રદ કરી સંબંધિત બીલમાંથી કાપી લેવામાં આવશે.

૧૯. જરૂરિયાત ઉભી થાય તો કોન્ટ્રાકટ ચાલુ હોવા છતાં ખાસ કિસ્સામાં અન્ય કેટરીંગ કોન્ટ્રાકટર પાસેથી સંસ્થાન સેવાઓ લઈ શકશે.

૨૦. જ્યારે મોટી સંખ્યામાં વ્યકિતઓ માટે નાસ્તો, ચા, જમવાનો વિગેરેનો પ્રબંધ કરવાનો થાય ત્યારે સંસ્થાના અધિકારીઓ સાથે પરામર્શ કરી, તેમની પૂર્વ મંજુરી મેળવી આદેશાનુસાર વધારાના વાસણો તથા અન્ય સવલતોનો પ્રબંધ કેન્ટીન કોન્ટ્રાકટરે કરવાનો રહેશે.

૨૧. સ્વચ્છતા અને ખોરાકની શુદધતા બાબતે રાજ્યના આરોગ્ય વિભાગના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ કરેલ નિર્દિષ્ટ નિયમો અને અધિનિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૨. કેટરીંગ કોન્ટ્રાકટર તથા તેના કર્મચારીએ સંસ્થાનમાં યોજાતા કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા મહાનુભાવો, તાલીમાર્થીઓ, મુલાકાતીઓ, સંસ્થાના કર્મચારીગણ, ઈત્યાદી સાથે પૂરા વિવેકથી અને શિસ્તબધ્ધ રીતે વર્તન કરવું. વર્તન બાબતે કોઈપણ ફરિયાદ આવશે, તો તેની ગંભીર નોંધ લઈ, સંસ્થા એકતરફી નિર્ણય લઈ શકશે.

૨૩. કેટરીંગ કોન્ટ્રાકટર સંસ્થા દ્વારા યોજાતા તેમજ સંસ્થાનની સંમતિથી બહારની સંસ્થાઓ દ્વારા યજાતા કાર્યક્રમો સિવાય કોઈપણ પ્રકારની કેટરીંગ સેવાઓ આપી શકાશે નહીં.

**અગત્યની માહિતી :-**

**દર્દીના ભોજનનું હાલનું ટેક્ષ સાથેનું માસીક બીલ આશરે રૂા.૨,૯૫,૦૦૦/- છે.**

**કેન્ટીન માટે હાલમાં આપવામાં આવતો નિભાવ ખર્ચ રૂા.૬૧,૦૦૦/-**

**: દર્દીને ભોજન ચા-નાસ્તો વિગેરે પુરૂં પાડવાના હાલના ભાવ આ પ્રમાણેના છે. :**

| દૂધ પર નભતા દર્દી (એમ.ડી. દર્દી) | | પૂર્ણ ભોજન લેતાં દર્દી (એફ.ડી. દર્દી) | |
|---|---|---|---|
| | ભાવ રૂા. | | ભાવ રૂા. |
| ચા-સવારે (૧૦૦ મિ.લિ.) | ૧-૫૦ | ચા-સવારે (૧૦૦ મિ.લિ.) | ૧-૫૦ |
| દૂધ બે થેલી (સવારે) (પેશ્યુરાઈઝડ ૨૦૦ મિ.લિ.) | ૫-૨૫ | દૂધ એક થેલી (પેશ્યુરાઈઝડ ૨૦૦ મિ.લિ.) | ૨-૬૫ |
| બપોરની ચા અને બ્રેડ બટર | ૩-૦૦ | નાસ્તો - દૂધ સાથે | ૩-૦૦ |
| દૂધ બે થેલી (સાંજે) | ૫-૨૫ | જમવાનું – બપોરનું | ૫-૧૦ |
| સૂપ – સાંજે | ૧-૦૦ | ચા – બપોરે | ૧-૫૦ |
| | | દૂધ સાંજે એક થેલી | ૨-૬૫ |
| | | જમવાનું સાંજે | ૪-૬૦ |
| કુલ રૂપિયા | ૧૬-૦૦ | કુલ રૂપિયા | ૨૧-૦૦ |
| (અંકે રૂપિયા સોળ પુરાં) | | (અંકે રૂપિયા એકવીસ પુરા) | |

(૧) હાલ સંસ્થામાં દાખલ થતાં દર્દીઓને આપવાનો થતો ચા-નાસ્તો અને ભોજનની અંદાજીત સંખ્યા :

- ચા (બે ટાઈમ) ૪૦૦
- નાસ્તો (બે વખત) ૪૦૦
- જમવાનું (બે વખત)
- મિલ્ક ડાઈટ ૧૫૦
- ફૂલ ડાઈટ ૨૫૦

(૨) સંસ્થામાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની દરરોજ અંદાજીત સંખ્યા:- ૧૨૦૦

(૩) સંસ્થામાં દરરોજ દાખલ દર્દીઓની સંખ્યા (આશરે) :- ૬૫૦

(૪) સંસ્થામાં દાખલ દર્દીના સગાની સંખ્યા (આશરે) :- ૬૫૦

(૫) સંસ્થામાં ઓપીડીમાં દરરોજ આવતા નવા અને જુના દર્દીઓની સંખ્યા :- ૧૨૦૦

## ગુજરાત કેન્સર સોસાયટી સંચાલીત દર્દીઓના સગા માટે રેનબસેરા

## ચલાવવા માટેની શરતો :

ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા સંસ્થામાં બહારગામનાં દર્દીઓના સગા રાત્રિ સમય રોકાઈ શકે તે માટે ખૂબ જ સામાન્ય દરે ''રેન બસેરા'' ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કામનાં કોન્ટ્રાકટરે કેન્સર સોસાયટીની સૂચના અને શરતો મુજબ રેનબસેરાનું સંચાલન કરવાનું રહેશે.

''રેન બસેરા'' આ કામનાં કોન્ટ્રાકટરે નહીં નુકશાન નહીં નફાના ધોરણે ફરજીયાત ચલાવવાનું રહેશે.

૧. સંસ્થાના આર.એમ.ઓ., ડોકટર કે સિસ્ટર ઈન્ચાર્જની સહીવાળું પ્રવેશ પત્ર રજુ કરે પ્રવેશ આપવાનો રહેશે.

૨. રેન બસેરામાં કેન્સર હોસ્પિટલમાં દાખલ દર્દીના ફકત બે સગાને જ પ્રવેશ આપવાનો રહેશે. દાખલ દર્દીના સગા સિવાય બહારની કોઈપણ વ્યકિતને આ સગવડનો લાભ આપી શકાશે નહીં.

૩. ઉપરોકત કામ માટે તમોને મીનીમલ કેર યુનિટના મકાનમાં સેકન્ડ ફલોરમાં આવેલ જગ્યા ફાળવવામાં આવે છે.

૪. સુવા માટે એક વ્યકિત દીઠ રૂા. ૧૦/- પ્રતિ દિન લેખે ચાર્જ લેવાનો રહેશે, તેમાંથી વ્યકિત દીઠ રૂા.૧/- ગુજરાત કેન્સર સોસાયટીમાં જમા કરાવવાના રહેશે. હાલના પ્રવર્તમાન દરોમાં કેન્સર સોસાયટીો કોઈપણ ફેરફાર કરી શકશે.

૫. એક ખાટલા ઉપર એકજ વ્યકિતને સૂવા દેવામાં આવશે.

૬. ચાદર, ઓશિકા અને પાથરણાં દરરોજ બદલી સ્વચ્છ રાખવાના રહેશે અને તેની ધોલાઈ, ઈસ્ત્રી વગેરેનું કામ સંસ્થાના ધોબી પાસે સંસ્થાએ નિયત કરેલ ભાવે સ્વખર્ચે કરાવવાનું રહેશે.

૭. રેનબસેરામાં સુવાનો સમય રાત્રે ૮-૦૦ વાગ્યાથી સવારે ૭-૦૦ વાગ્યાનો રહેશે.

૮. રાહત્રે ૧૦૧-૦૦ વાગ્યા બાદ કોઈપણ વ્યકિતને પ્રવેશ આપી શકાશે નહીં કે સવારે ૯-૦૦ વાગ્યા બાદ રેનબસેરામાં કોઈપણ વ્યકિતને રોકાવા દેવા   નહીં.

૯. આ અંગેનું લાઈટ બીલ કોન્ટ્રાકટરે ભરવાનું રહેશે.  લાઈટ બીલ મળે દિન-૭ માં તેનું ચુકવણું કરવાનું રહેશે.

૧૦. સફાઈ-સ્વચ્છતા તેમજ સીકયુરીટીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

૧૧. રેનબસેરાના પ્રીમાઈસીસમાં કોઈપણ ગેરકાયદેસરની કે પ્રતિબંધિત પ્રવૃત્તિ થાય નહીં તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૨. પાન, તમાકુ, બીડી, સિગારેટ વિગેરેનો ઉપયોગ કરવાં દેવો  નહીં.

૧૩. સ્ત્રી વિભાગમાં સાફ-સફાઈ અને સીકયુરીટી માટે મહિલા કર્મચારીની વ્યવસ્થા કરવાની રહેશે.ાૅ

૧૪. રેનબસેરામાં કોઈપણ વ્યકિતને ચ્હા-નાસ્તો કે જમવાની પરવાનગી આપવી નહીં,  તેના  માટે કેન્ટીનનો ઉપયોગ કરવો.

૧૫. રોકાનાર દરેક વ્યકિતના સગાનો કેસ નંબર, દર્દી સાથે સંબંધ અને તેનું પૂરેપૂરું સરનામું આ અંગેના રજીસ્ટરમાં નોંધવાનું રહેશે.

૧૬. પોતાની પાસે રોકડ રકમૌ, દાગીના કે કિંમતી ચીજ-વસ્તુ રાખનાર વ્યકિતએ તેની જાળવણીની જવાબદારી તેની પોતાની રહેશે તે અંગેની સ્પષ્ટ સૂચના લખવાની રહેશે.

૧૭. કોન્ટ્રાકટર તરીકે તમોએ લેબર કમિશ્નર તરફથી મેળવવાનું લાયસન્સ તેમજ કાયદેસરના લેવા પડતાં અન્ય લાયસન્સ મંજુરી વિગેરે કોન્ટ્રાકટ મળ્યાના એક માસની અંદર મેળવી લેવાના રહેશે.

૧૮. ચાદર, પાથરણાં ઓશીકા,  કોટન  બ્લેંકેટ વિગેરે તમોએ સ્વખર્ચે લાવવાના રહેશે.

૧૯. આ કામ માટે  તમોને પલંગ, પંખા, ટેબલ, ખુરશી, સ્ટુલ, ગાદલા, પુરાં પાડવામાં આવશે, જેની જાળવણી  તમોએ કરવાની રહેશે અને કોન્ટ્રાકટની સમાપ્તિ વખતે તમામ સાધન સામગ્રી ચાલુ હાલતમાં  આપવાની રહેશે.  કોઈપણ પ્રકારનું નુકશાન જણાશે તો તેનું વળતર તમોએ ચુકવવાનું રહેશે અને તે નુકશાન સંસ્થા તમારી ડિપોઝિટમાંથી વસુલી  લઈ શકશે.

**(અ) ટેન્ડર ભરવા માટેની સૂચનાઓઃ**

૧. આ અંગે કોઈ પત્ર-વ્યવહાર કે ફોન કરવો નહીં. કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન તે ગેરલાયકાત ગણાશે અને તેમનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૨. અસલ ટેન્ડર ફોર્મ જ સ્વીકાર્ય છે તેની ઝેરોક્ષ નકલ રદબાતલ ગણાશે.

૩. આ આખા ટેન્ડરની શરતો-વિગતો સારી રીતે વાંચી સમજીને અસલ ટેન્ડર ફોર્મ પૂર્ણપણે ભર્યા બાદ બંધ કવર પર **"દર્દીઓને ભોજન, દર્દીઓના સગા તથા સ્ટાફ કેન્ટીન તથા દર્દીઓના સગાને રહેવા માટે રેનબસેરા ચલાવવા માટેનું ટેન્ડર ફોર્મ"** સ્પષ્ટ લખીને સમયસર રજી.એ.ડી. મારફત અથવા નિયત બોક્ષમાં નાંખવું. ટેન્ડરની શરતોમાં ટેન્ડરરે સહી, સિક્કા કરીને ટેન્ડર ફોર્મ સાથે પરત મોકલવાનું રહેશે.

૪. ટેન્ડર ફોર્મ સાથે "અર્નેસ્ટ મની ડીપોઝીટ" રૂા.૨૫૦૦૦/- ડ્રાફટથી નેશનલાઈઝ બેંક કે શિડયુલ્ડ બેંકનો આપવાનો રહેશે.

૫. કોન્ટ્રાકટરે સદર ટેન્ડર ફોર્મમાં ભાવો સમજીને-વિચારીને ભરવા, કરવાના સઘળા કામો સમજી લેવા તથા આમાં સર્વ પ્રકારના સરકારી ટેક્ષ, વેરા....સહિતના આખરી ભાવો આપવા. લઘુત્તમ ભરેલા ભાવો અને બોલીઓ તેમજ અને કોન્ટ્રાકટર તરીકેની કાયદેસરની પૂર્તતા કરતાં હોય અને હોસ્પિટલના કામના અનુભોવીને અગ્રતા આપવામાં આવશે.

૬. સદર ટેન્ડર સાથે બિડેલા ફોર્મને બરાબર વાંચી, સમજીને, પૂર્ણ રીતે ભરીને અને દર્શાવેલ વિગતોના પુરાવાઓ રૂપે સાથે પ્રમાણિત (સર્ટીફાઈડ) કરાવેલી ઝેરોક્ષ નકલો બીડવી જરૂરી છે. અધુરું, અપુરતી વિગતોવાળું, અસ્પષ્ટ ટેન્ડર ફોર્મ અમાન્ય ગણાશે.

૭. કોન્ટ્રાકટરે કામ કરી રહેલા કે કરેલા જે તે સંસ્થાનાહોસ્પિટલના વડા પાસેથી કામ કર્યાનો અનુભવ દર્શાવતા પ્રમાણોપત્રની નકલ આ સાથે બિડવી જરૂરી છે.

૮. અનુભવ વિહિન ટેન્ડરરોનું ટેન્ડર રદ થવા પાત્ર ઠરશે.

૯. હોસ્પિટલનાં આ કામનાં અનુભવીને પ્રાધાન્ય આપવામાં આવશે.

૧૦. ટેન્ડરની તમામ બાબતો માટે સંસ્થાની ટેન્ડર કમિટિનો નિર્ણય આખરી રહેશે. કોઈ પણ ટેન્ડર મંજુર / ના મંજુર કરવાની સંપૂર્ણ સત્તા આ સંસ્થાની રહેશે.

૧૧. કોન્ટ્રાકટની કોઈપણો શરતમાં સુધારા-વધારા કરવા, રદ કરવી, ઉમેરવી કે કોઈ શરતનો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા ટેન્ડર કમિટિની રહેશે.

૧૨. ટેન્ડર સ્વીકાર થયા પછી કોન્ટ્રાકટનો સમય એક વર્ષનો રહેશે, તદ્ઉપરાંત અજમાયશી સમય ત્રણ માસનો રહેશે. આ સમય દરમ્યાન કોન્ટ્રાકટરનું કામ સંતોષકારક કામ ન કરેથી કે ટેન્ડરની શરતોનાં ભંગ કરેથી સંસ્થા અઠવાડિયાની નોટિસ આપીને કોન્ટ્રાકટ ગમે ત્યારે સમાપ્ત કરી શકાશે. અજમાયશી સોમય બાદ પણ સંતોષકારક કામ ન કરે થી કે ટેન્ડરની શરતોનો ભંગ કરેથી એક માસની નોટિસ આપી સંસ્થા કોન્ટ્રાકટ સમાપ્ત/રદ કરી શકશે.

૧૩. કામ સંતોષકારક જણાયે કોન્ટ્રાકટની મુદત ત્રણ વર્ષ સુધી લંબાવવાની સત્તા નિયામકશ્રીની રહેશે.

**(બ) <u>ટેન્ડરની અગત્યની શરતો :</u>**

(૧) કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટનોો હેતુ પાર પડે તે રીતે પુરતાં માણસો રોકવાના રહેશે અને કોન્ટ્રાકટનો સમય પુરો થયે કોન્ટ્રાકટ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને કોન્ટ્રાકટરે પોતાના સઘળા કામદારોને સાથે લઈ જવાના રહેશે.

(૨) કોન્ટ્રાકટર કે તેમના કામદારો કેન્સર હોસ્પિટલનાં કોઈપણ સ્થળનો કયારેય રહેઠાણ તરીકે ઉપયોગ કરી શકશે નહીં.

(૩) પોતાને ત્યાં રાખેલા કામદારોનો પાછલો રેકોર્ડ ગુના રહીત હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૪) કોન્ટ્રાકટની તમામ શોરતો આવરી લેતો વિગતવાર કરાર ખત કરવા માટે કોન્ટ્રાકટરે પોતાનાં નામનો રૂા.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર અત્રે રજુ કરવાનો રહેશે અને કેન્સર હોસ્પિટલ તરફથી તૈયાર કરવામાં આવેલ કરોાર ખત પર સહી સિક્કા કરી આપવાના રહેશે જે કોન્ટ્રાકટરને બંધન કર્તા રહેશે.

(૫) કોન્ટ્રાકટ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરે વાર્ષિક બિલના ૫% રકમ ડીપોઝીટ પેટે કેન્સર હોસ્પિટલમાં એક માસમાં જમા કરાવવાની રહેશે. <u>આ ડીપોઝીટ પર કોઈ વ્યાજ મળવાપાત્ર નથી.</u>

(૬) સદર કોન્ટ્રાકટ બીજાોને ટ્રાન્સફર કે એસાઈન કરી શકાશે નહીં કે તેના કોઈપણ કામ કે ભાગ માટે સબ-કોન્ટ્રાકટ પણ આપી શકાશે નહીં.

(૭) કોઈપણ અગમ્ય કારણોસર કોન્ટ્રાકટ રાખનારની હયાતિ ન રહે તો કોન્ટ્રાકટ પૂર્ણ થયેલો ગણાશે તેમના કાયદેસરના વારસદારો કે એસાઈની આ અંગેનો હક્ક -દાવો કરી કોન્ટ્રાકટ ચાલુ રાખી-રખાવી શકશે નહીં.

(૮) સદર કોન્ટ્રાકટની કામગીરી સિવાયની અન્ય કોઈપણ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસાય સદર સ્થળેથી કરી શકાશે નહીં.

(૯) કોન્ટ્રાકટર કે તેમના કોઈપણ કામદાર કેન્સર હોસ્પિટલમાં પ્રતિબંધિત ચીજ-વસ્તુ, ખાદ્ય-પદાર્થ, પીણું, લાવી શકાશે નહીં, કેન્સર હોસ્પિટલમાં ધુમ્રપાન, ગુટખા, તમાકુયુકત પદાર્થ પ્રતિબંધિત છે.

(૧૦) કોન્ટ્રાકટર કે તેમનાં માણસો કેન્સર હોસ્પિટલના કર્મચારીઓ સાથે નાણાં લેવા આપવા કે વ્યાજે આપી શકશે નોહીં.

(૧૧) કોન્ટ્રાકટરે કેન્સર હોસ્પિટલમાં કામ કરતાં અન્ય સર્વે કોન્ટ્રાકટ સાથે સંપીને કામ કરવું.

(૧૨) કોઈપણ પક્ષકાર એક માસની લેખિત નોટિસ આપી કોન્ટ્રાકટનો અંત લાવી શકશે.

(૧૩) કોન્ટ્રાકટરને જે સ્થિતિમાં જગ્યા, ઓફિસ, ચીજ-વસ્તુઓ આપવામાં આવી હોય તે જ સ્થિતિમાં કોન્ટ્રાકટ પુરો થયે પરત આપવાની રહેશે. તેમાં ખામી કે નુકશાન થયેલ હશે તો તે કોન્ટ્રાકટરની ડીપોઝીટ કે બિલમાંથી વસૂલ લેવામાં આવશે.

(૧૪) કોન્ટ્રાકટરે પોતાનાં કામનું બીલ પોતાના કર્મચારીઓની હાજરી પત્રક તેમજ પગાર પત્રક સાથે બે નકલમાં આપવાનું રહેશે અને તેના વેરીફીકેશન બાદ ચુકવણું ચેકથી કરવામાં આવશે.

(૧૫) ટેન્ડરની કોઈપણ કલમ / શરતોનો ભંગ કરારનો ભંગ ગણાશે અને આ કસૂર બદલ સંસ્થા કોન્ટ્રાકટ રદ કરી શકશે.

(૧૬) કેન્સર હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ જગ્યામાં કોન્ટ્રાકટર કોઈપણ સુધારો વધારો કે ફેરફાર સંસ્થાની લેખીત પૂર્વ પરવાનગી મેળવ્યા વિના કરી શકશે નહીં.

(૧૭) જો કોન્ટ્રાકટર કે તેમના કામદારની તરફથી બેદરકારીના કારણે કેન્સર હોસ્પિટલને કોઈપણ જાતની નોટિસ બજે, કેસ થાય, કાનુની કાર્યવાહીમાં હિસ્સો લેવો પડે, જવાબ આપવો પડે કે કોન્ટ્રાકટરનાં કસૂરનાં કારણે સંસ્થાને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે કરારનો ભંગ ગણાશે અને તે માટે થયેલ સઘળો ખર્ચ કોન્ટ્રાકટરના બિલ/ડીપોઝીટમાંથી કાપી શકાશે અથવા અન્ય કોઈપણ રીતે વસૂલ લઈ શકશે.

(૧૭ - અ) તમારા કામદારોનાં તમામ લેણાં ચુકવવાની જવાબદારી તમારી રહેશે. તમારી શરતચૂક કે કોઈ અન્ય કારણોસર તમારા કામદાર કાયદેસરનાં લેણાં અન્વયે કોઈ કોર્ટ કેસ કરે, કરાવે તો જ્યાં સુધી તેનો નિકાલ ન ત્યાં સુધી તમારી ડીપોઝીટ પરત આપવામાં આવશે નહીં.

(૧૮) કોન્ટ્રાકટમાં રાખેલાં કામદારોને જુદો ગણવેશ આપવાનો રહેશે. તેમજ કામદારોને ફોટા સાથેનું ઓળખપત્ર આપવાનું રહેશે.

(૧૯) હોસ્પિટલના કામની જરૂરીયાતની પૂર્તિ અર્થે, કોન્ટ્રાકટનો હેતુપાર પડે તે માટે કોન્ટ્રાકટરે પુરતા માણસો રોકવાના રહેશે અને તે સઘળા કોન્ટ્રાકટના કામદારો ગણાશે તેને પગાર-ભથ્થાં, મહેનતાણાં કોન્ટ્રાકટરે આપવાના રહેશે. કોન્ટ્રાકટ પુરો થયે કોન્ટ્રાકટરે પોતાના માણસો સાથે લઈ જવાના રહેશે.

(૨૦) સદર કામ માટે નક્કી થયેલા ભાવો કોન્ટ્રાકટની અવધિ દરમ્યાન વધારી શકાશે નહીં.

**(૨૧) સંસ્થાની સૂચનાઓ / ટેન્ડરની શરતોનાં ભંગ બદલ સંસ્થા રૂા.૧૦૦૦/- સુધીની પેનલ્ટી કરી શકશે અને આ રકમ માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.**

(ક) <u>કોન્ટ્રાકટરે પાલન કરવાના મજુર કાયદાઓ</u>

૧. સંસ્થાને લાગુ પડતા તમામ કાયદાઓનું કોન્ટ્રાકટરે પાલન કરવાનું રહેશે.

૨. <u>કોન્ટ્રાકટ લેબર (નિયમ અને ોનાબુદી) અધિનિયમ ૧૯૭૦</u> અન્વયેના કાયદાઓ, મજુર કાયદાઓ ઓને અન્ય નિયમોની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટર તરીકેની સમગ્ર જરૂરિયાતો પૂર્ણ કરતાં હોવા જોઈએ અને કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ, સંસ્થાનો નોંધણી ક્રમાંક, પ્રોવિડંટ ફંડ નંબર, ઈ.એસ.આઈ.એસ. નંબર, ઈન્કમટેક્ષ નંબર....ધરાવતાં હોવા જોઈએ.

૩. કોન્ટ્રાકટરે તેમના શ્રમિકોને લાગુ પડતાં તમામ કાયદાઓ, લઘુત્તમ વેતન ધારા મુજબ મહેનતાણા અવેજ, પગાર વિગેરે સમયસર આપવાનો રહેશે.

૪. સોંસ્થાને લાગુ પડતાં તેમજ પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટરે તેમના **કામદારોનો પી.એફ., ઈ.ડી.એલ.આઈ., ઈ.એસ.આઈ.એસ., વિગેરેનો ફાળો ફરજીયાત ભરી સંસ્થાને પુરાવા રજુ કરવાના રહેશે.**

૫. કોન્ટ્રાકટરના કામદારોને કામ કરતાં કે અન્ય કોઈપણ રીતે અકસ્માત કે ઈજા થાય, અશકત બંને, મૃત્યુ પામે તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ માટે કાયદેસરનું વળતર ચુકવવાની જવાબદારી કોૉન્ટ્રાકટરની રહેશે. આ અંગે ઈ.એસ.આઈ.એસ., વર્કમેન કોમ્પનસેશન ગ્રુપ વીમો વિગેરે જે લાગુ પડતું હોય તે કોન્ટ્રાકટરે લેવાના રહેશે અને આ માટે ઉભી થતી તમામ જવાબદારી, ખર્ચ, વળતર, વિગેરે કોન્ટ્રાકટરે ભોગવવાના રહેશે.

૬. કોન્ટ્રાકટરના કામદારના કોઈપણ કૃત્યના કારણે કેન્સર હોસ્પિટલ કે તેના કર્મચારીને નુકશાન થાય તો તે સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને નુકશાનની ભરપાઈ બિલ કે ડિપોઝીટમાંથી કે અન્ય રીતે કરી શકાશે.

૭. ટેન્ડર મંજુર થયેથી માસિક બીલના ૨૦ % જેટલી રકમ લેબર લો અને અન્ય કાયદાની વૈદ્યાનીક જોગવાઈનું નિયમિતપણે પાલન કર્યા અંગેના પુરાવા સંસ્થાને રજુ કર્યા બાદ ચુકવવામાં આવશે.

૮. કોન્ટ્રાકટ મંજુર થયે આ કામનું જરૂરી લાયસન્સ મજુર કમિશ્નરની કચેરીમાંથી મેળવીને એક માસમાં સંસ્થામાં રજુ કરવાોનું રહેશે.

૯. તમારા કામદારોને લઘુત્તમ વેતન તેમજ મજુર કાયદા મુજબ રજાઓ, માંદગીની રજાઓ, બોનસ વિગેરે ચુકવવાનું રહેશે.

૧૦. તમારા કામદારોને ચુકવવાના થતાં પગાર સહીતના તમામ લેણાં સંસ્થાએ નિયુકત કરેલ પ્રતિનિધિની હાજરીમાં ચુકવવાના રહેશે.

૧૧. કોન્ટ્રાકટરે બાળ કામદારોને કામે રાખવા નહીં.

ટેન્ડરની ઉપરોકત તમામ શરતો વાંચી-સમજી છે અને તે અમોને કબુલ મંજુર છે.

| | |
|---|---|
| સ્થળ : | ટેન્ડરરની સહી |
| તારીખ : | ટેન્ડરરનું નામ : |
| | સિક્કો : |